# મહાનગરમાં મહાશિવરાત્રી મહોત્સવ

આજે મહાશિવરાત્રી ...ભગવાન શિવની કૃપા દ્રષ્ટી મેળવવા માટે ભાવિકો આજે બમ બમ ભોલેના જયઘોષ વચ્ચે શિવભકિતમિં તલ્લીન બનશે. મહાશિવરાત્રીના પર્વને અનુલક્ષી ભાવિકોમાં ઉત્સાહનુ માજુ ફરી વળ્યુ છે. નગરના શિવમંદિરોમાં પણ શિવરાત પર્વના ઓવારણાં લેવા માટે ભાવિકો ઉત્સુક બન્યા છે. શિવમંદિરોને વિશિષ્ટ શણગાર કરવામાં આવ્યો છે. રોશની અને રંગોળીથી મંદિરોમાં ભાવિકો દ્વારા સુશોભન કરવામાં આવ્યુ છે. જયારે શિવમંદિરોમાં ભગવાન શિવની વિશેષ પુજા અર્ચના માટે પણ અનેકવિધ ધાર્મિક કાર્યક્રમો યોજવામાં આવ્યા છે. જેમાં સે-૧૬ સોમનાથ મહાદેવ મંદિર ,સે-૨૨ પંચદેવ મંદિર,સે-૨૧ વૈજનાથ મહાદેવ મંદિર, ધોળેશ્વર મહાદેવ,વાસણિયા મહાદેવ મંદિર તેમજ કોટેશ્વર મંદિર ખાતે શિવરાત્રીની ભવ્ય ઉજવણી માટે તૈયારીઓ કરી દેવામાં આવી છે. ભોળાનાથને રીઝવવા માટે ભાવિકો આજે દિવસ દરમિયાન શિવલીંગ પર દુધ અને જળનો અભિષેક કરી વિશેષ પુજા અર્ચના કરશે. શિવમંદિરોમાં ભાવિકોની ભીડ જામશે. શિવાલયોમાં અખંડ ધુન, લઘુરુદ્ર, મહાઅભિષેક, મહાઆરતી ,જાપ , આનંદના ગરબા ભજન કીર્તન સહીતના અનેકવિધ ધાર્મિક કાર્યક્રમોનુ આયોજન કરવામાં આવ્યુ છે. જયારે સે-૨૨ પંચદેવ મંદિર અને ધોળેશ્વર મહાદેવ મંદિર ખાતે ભવ્ય મેળાનુ આયોજન કરવામાં આવ્યુ છે. ભોળાનાથને બીલીપત્ર અને અભિષેક કરીને પુણ્યનુ ભથ્થુ બાંધવા માટે ભાવિકો ઉત્સુક છે. ત્યારે શિવરાત્રીની રાત્રે પણ શિવમંદિરોમાં વિશેષ પુજાનુ આયોજન કરવામાં આવ્યુ છે. મહાનગરમાં મહાશિવરાત્રિના પર્વ નિમિત્ત મહાદેવના મંદિરોમાં ભવ્ય મહોત્સવનુ આયોજન કરવામાં આવ્યુ છે. શિવરાત્રિના પાવન પર્વ નિમિત્તે નગરમાં અનોખી આધ્યાત્મિક ચેતના જાગૃત થશે.




**સમદર્શન આશ્રમ - સે.૧**

- પંચાક્ષર મંત્ર-જાપ, અખંડ ધૂન
- ષોડશોપચાર અભિષેક
- પૂજા-આરતી




**શ્રી પંચદેવ મંદિર - સે.૨૨**

- ચાર પ્રહરની પૂજા
- લોકમેળો
- આરતી - પ્રસાદી




**શ્રી વૈજનાથ મહાદેવ - સે.૨૧**

- પાંચ પ્રહરની પૂજા
- પૂજા - અર્ચના
- ભજન સંધ્યા




**શ્રી સોમનાથ મહાદેવ - સે.૧૬**

- લઘુરૂદ્ર (હોમાત્મક)
- ચાર પ્રહરની પૂજા
- આરતી - પ્રસાદી




**શ્રી ધોળેશ્વર મહાદેવ**

● ચાર પ્રહરની પૂજા ● ષોડશોપચાર - આરતી ● સત્સંગ - પ્રસાદી




**શ્રી રામેશ્વર મહાદેવ - સે.૩ડી**

- ધ્વજા રોહણ
- આરતી - પ્રસાદી
- પૂજન - અર્ચન




**શ્રી ત્ર્યંબકેશ્વર મહાદેવ - સે.૮**

- લઘુરૂદ્ર (હોમાત્મક)
- મહાઆરતી - છપ્પનભોગ
- ભક્તિ વંદના - પ્રસાદ



**શ્રી ચંદ્ર મૌલેશ્વર મહાદેવ - સે.૨બી**

- લઘુરૂદ્ર (હોમાત્મક)
- ષોડશોપચાર-ચાર પ્રહરની પૂજા
- આરતી - પ્રસાદી




**શ્રી વાસણીયા મહાદેવ**

● ચાર પ્રહરની પૂજા ● ષોડશોપચાર - આરતી ● લોકમેળો




**શ્રી દત્ત મંદિર - સે.૨૮**

- ૫૦ કલાક - અખંડ મહાધૂન
- આરતી - પૂજા
- પ્રસાદી




**શ્રી સોમેશ્વર મહાદેવ - સે.૨૭**

- ચાર પ્રહરની પૂજા
- ધાર્મિક કાર્યક્રમો
- આરતી - પ્રસાદી



**શ્રી ઓમકારેશ્વર મહાદેવ - સે.૪**

- ષોડશોપચાર - ચાર પ્રહરની પૂજા
- ભજન - કિર્તન
- પૂજા - આરતી - પ્રસાદી




**શ્રી ચંદ્ર મૌલેશ્વર મહાદેવ - સે.૬**

- ધ્વજા રોહણ
- આરતી
- પ્રસાદી




**શ્રી ભૂવનેશ્વર મહાદેવ - સે.૬**

- ચાર પ્રહરની પૂજા
- ષોડશોપચાર પૂજા
- પૂજા - આરતી

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com